વડોદરા ના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ માં વડોદરા.

ફોજદારી કેસ નંબર :- ૫૩૮૪૪/૨૦૧૪

આંક-

શ્રી સરકાર ...................... ફરિયાદી.

વિરૂધ્ધ

તોસીફ મોહમદભાઈ પટેલ,
રહે. તાંદલજા, વડોદરા. ...................... આરોપી.

ગુન્હો : ભારતીય દંડ સંહીતા ની કલમ ૨૭૯, તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ.

-: ચુકાદો :-

(૧) ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારીએ આરોપી સામે ભારતીય દંડ સંહીતા ની કલમ ૨૭૯ તથા મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૭૭,૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતા તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વેચ્છાએ કબુલ કરવા માંગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ આંક- થી રજુ કરતા આરોપીની પ્લી આંક- થી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબ ની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા આ ગુનો થયેલ છે અને તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્ય માં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાય આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતા પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનું જણાય આવતુ હોય હાલની કબુલાત

રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ઘ્યાને લેતા આરોપીને ઓછા માં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ના નટવર હરચંદ વિરૂઘ્ધ સ્ટેટ ના ચુકાદા જી.એલ.આર. ૨૦૦૫ ૭૦૯ પર પ્રકાશીત થયેલ છે તે ઘ્યાને લેતા આરોપીને આવા કિસ્સા માં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય ફરિયાદપક્ષે રજુ ફરિયાદ તેમજ આરોપીની કબુલાત, આરોપીની આર્થીક –સ્થિતી તેમજ કેસના વિશીષ્ટ સંજોગો વિગેરે હકીકતો ઘ્યાને લેતા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ન્યાય ના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–: હુકમ :–

આરોપીને તોસીફ મોહમદભાઈ પટેલ, રહે. તાંદલજા, વડોદરાવાળા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ભારતીય દંડ સંહીતા ની કલમ ૨૭૯ મુજબ ના ગુના માં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦/– ( અંકે રૂપીયા પાંચ સો પુરા ) દંડ તથા એમ. વી. એકટ ની કલમ ૧૭૭,૧૮૪ મુજબ ના ગુના માં (રૂા.૧૦૦/– + રૂા.૧૦૦/–) રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો સો પુરા ) દંડ ની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ની રકમ ન ભરે તો પ્રત્યેક કસર બદલ આરોપીને દિન–૨ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ છે. કુલ દંડ રૂા.૭૦૦/– (અંકે રૂપીયા સાતસો પુરા) ભરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં સ્પેશ્યલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા.
તા.૧૩–૦૭–૧૯

**( Mr. A.G.OZA )**
22 th Addi.Senior Civil Judge
& Addi. Cheif Judicial Magistrate
Vadodara.Code No. : GJ -00839